## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ ચિંતા ફીકર ન કરો... આમાંથી એક પણ ધર્માચાર્ય બરતરફ કરાયેલ પ્રધાનને આશીર્વાદ આપવા નહોતા આવેલ... આમના આશીર્વાદ લેવામાં કશો જ વાંધો નથી....!!!

# આર.ટી.ઓ. કચેરીમાં ટેકનિકલ ખામીના લીધે કામગીરી ઠપ્પ

## અરજદારો ધક્કે ચઢયા : વાહન ટુ સોફ્ટવેરના અમલ બાદ પણ મંદ કામગીરી

ગાંધીનગર તા ૮

ગાંધીનગરની હાઈટેક આર ટી ઓ કચેરીમાં છેલ્લા બે દિવસથી ટેકનિકલ ખામી સર્જાતા અરજદારોએ ધક્કા ખાવાનો વારો આવ્યો છે. આર ટી ઓ કચેરીમાં વાહન ટુ નામના નવા સોફ્ટવેરમાં ખામી સર્જાતા આજે પણ સંદતર કામગીરી ઠપ્પ થઈ ગઈ હતી. જેના પરિણામે અરજદારોના એક પણ કામ થયા ન હતા ગત શનિવારે પણ કામ અટવાયુ હતુ. આર ટી ઓ કચેરીમાં અવારનવાર આ સ્થિતિ ઉદભવતા નાગરિકોમાં રોષ પ્રવર્તયો છે. બીજીતરફ વાહનોને નંબરો ફાળવવાની કાર્યવાહી પણ મંદ રહેતા અરજીઓનો ખડકલો થયો છે.

નગરની હાઈટેક આર ટી ઓ કચેરીમાં વાહન ટુ સોફ્ટવેર અપગ્રેડ કરવામાં આવ્યુ છે . જેના આધારે આ વ્યવસ્થા ધરાવતી રાજયની અન્ય આર ટી ઓ કચેરી સાથે ગાંધીનગર આર ટી ઓ કચેરીનુ જોડાણ થતા કામગીરી વધુ પારદર્શક અને ઝડપી બનશે તેમ મનાઈ રહયુ છે. પરંતુ હજુ પણ આર ટી ઓ કચેરીમાં સર્વર ડાઉન થવાની સમસ્યા યથાવત છે. ટેકનિકલ ખામના લીધે આજે પણ આર ટી ઓ કચેરીનુ કામ ઠપ્પ થઈ ગયુ હતુ. જેના લીધે સેંકડો અરજદારોએ પાછા ફરવાનો વારો આવ્યો હતો. આર ટી ઓ કચેરીમાં અરજદારોના કામ અટવાયા હતા. જયારે વાહનોને નંબર ફાળવવાની પ્રકીયા પણ ઘણાં સમયથી મંદ ગતિએ ચાલતી હોવાથી સંખ્યાબંધ કિસ્સામાં અરજીઓ પેન્ડીંગ હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે. આર ટી ઓ કચેરીમાં અગાઉ પણ સર્વર ડાઉન થવાના લીધે અરજદારોએ પારાવાર હાલાકી વેઠવાનો વારો આવતો હોવાનો સુર ઉઠવા પામ્યો હતો. જયારે નવા સોફ્ટવેર વાહન ટુના ઈનસ્ટોલેશનના અંતે પણ ટેકનિકલ ખામીઓનો અંત આવતો ન હોવાથી પેપરલેસ અને હાઈટેક આર ટી ઓ કચેરી માત્ર નામની જ હોય તેવો પણ સુર ઉઠવા પામ્યો છે.

## ગાંધીનગર જિલ્લાના પૂર્વ સૈનિકો જોગ

અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાના પૂર્વ સૈનિકો તેમજ દિવંગત સૈનિકોના ધર્મ પત્નીઓ અથવા આશ્રિતોને વન રેંક વન પેન્શનના નાણા મળ્યા ન હોય તેઓને કચેરી સમય દરમિયાન અમદાવાદ ખાતેની જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરીનો સંપર્ક કરવા જણાવાયું છે.



## ચિલોડા પ્રાથમિક શાળાના નવિન ઓરડા બનાવવા માટે ભૂમિપૂજન

ચિલોડા મોટા ખાતે પ્રાથમિક શાળાના નવિન ઓરડા બનાવવા ગામના સરપંચ સવાજી ઠાકોરના હસ્તે ભૂમિપૂજન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ગામના મહારાજ વિષ્ણુપ્રસાદ રાવલે શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે શાળાની બાલિકાઓના હસ્તે ભૂમિનું પૂજન કરાવી ખાતમુહૂર્ત કર્યુ હતુ. આ કાર્યક્રમમાં ગામના સરપંચ, શાળાના એસ.એમ.સી.ના અધ્યક્ષ તખુજી ઠાકોર, શિક્ષણવિદ નટુભાઈ પટેલ, મંડળીના ચેરમેન જૈમિનભાઈ પટેલ, મંત્રી જયંતિભાઈ પટેલ, સંજયજી ઠાકોર, જિલ્લા તાલુકાના સર્વશિક્ષા અભિયાનના એન્જીનીયર વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ચિલોડા પ્રાથમિક શાળાના નવિન ૧૦ રૂમો પૈકી ભોંયતળિયે ૫ રૂમો અને ૫ રૂમો પ્રથમ માળે બનાવાશે. આ મકાનમાં કુમાર અને કન્યાના અલગ અલગ સેનીટેશન બંને માળે અને પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવશે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર શહેરની વિવિધ કચેરીઓમાં કયા મંત્રીને કયુ ખાતુ ફળવાયુ તે ટોક ઓફ ધી કચેરીઝ બની ગયું હતું.

● ગાંધીનગર શહેરમાં વાઈરલ ફિવરની ઓ.પી.ડી.ના કેસો એક સપ્તાહ વધી ગયા છે.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઓ.પી.ડી.ના કેસોની સંખ્યા ૧૦ હજારને પાર કરી ગઈ છે.

● સહયોગ સંકુલમાં આજે સ્વચ્છતાની કામગીરી દરમ્યાન એક અધિકારી આવી પહોંચતા તેમના પર કચરો પડતાં તેઓ ગુસ્સે થઈ ગયા હતા.

● ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ આજે તેમનો ચાર્જ સંભાળી લઈ કામગીરી આરંભી દીધી છે.

● અક્ષરધામ ખાતે શ્રાવણ માસની સત્સંગ પારાયણ સભામાં બ્રહ્મોપનિષદ વિશે દિલ્હી અક્ષરધામના સ્વામી આત્મસ્વરૂપદાસજી આવી પહોંચ્યા છે.

● રાજયના નવા રચાયેલા મંત્રીમંડળના મંત્રીઓને તેમની ચેમ્બરો ફાળવી દેવામાં આવી છે. કેબિનેટ મંત્રીઓ સ્વર્ણિમ સંકુલ-૧માં અને રાજયકક્ષાના મંત્રીઓ સ્વર્ણિમ સંકુલ-૨ માં બેસશે.

● વાસન બાપુ કોલેજ ઓફ નોલેજમાં આજે જાણીતા ફિલ્મ કલાકાર ઋત્વિક રોશન આવી રહ્યા છે.

# મોટી આદરજ ગામે જર્જરીત શાળામાં અભ્યાસ કરવા વિદ્યાર્થીઓ મજબુર

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લાના મોટી આદરજ ગામે આવેલ પ્રાથમિક શાળાનું મકાન જર્જરીત હાલતમાં છે. શાળામાં વારંવાર પોપડા ખરતા વિદ્યાર્થીઓની સલામતી રામભરોસે છે. શહેરના સ્માર્ટ સીટી બનાવવા સંકલ્પ સાથે સોહામણા વિકાસ કામો માટે કરોડો રૂપીયાનો તોંતિગ ખર્ચ કરવામાં આવે છે ત્યારે નગરથી નજીક સ્થિત આ શાળામાં વિદ્યાર્થીઓના માથે જાણે મોતના ખતરો જળુંબી રહ્યો હોય તેવી ભયજનક સ્થિતિનું નિર્માણ થયું છે. હાઈટેક અને સ્પર્ધાત્મક બનતા શિક્ષણ ના યુગમાં પ્રવેશોત્સવ અને ગુણોત્સવની ઉજવણી વેળાએ સરકારી અફસરો આર્દશ રોલમાં જોવા મળે છે. ગુણવતા અને સુવિધા સભર શિક્ષણની વાતો થાય છે ત્યારે ગામ્ય વિસ્તારમાં પાયાની સુવિધાઓના અભાવ વચ્ચે શિક્ષણ સંકુલો ખંડેર બન્યા છે.શહેરી વિસ્તાર નજીકના ગામોમાં શાળા સંકુલોમાં વ્યવસ્થાના નામે મીંડુ છે. મોટી આદરજની પ્રાથમિક શાળામાં પોપડા ખરતા વિદ્યાર્થી ઓ માટે ભયજનક સ્થિતિનું નિર્માણ થયું છે. શાળાના બિલ્ડીંગની આ હાલત ગમે ત્યારે અકસ્માતનું કારણ બને તેવી દહેશત પ્રવર્તી છે. આવા સંજોગોમાં તાત્કાલીક અસરથી શાળાના બિલ્ડીંગનું સમારકામ હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ગ્રામજનોએ વ્યકત કરી છે.

ગાંધીનગરથી માંડ ૧૫ કિલોમીટરના અંતરે આવેલા મોટી આદરજ ગામની પ્રાથમિક શાળાનું મકાન વર્ષોથી જર્જરીત હાલતમાં છે. ગામના અભ્યાસ કરતા વિદ્યાર્થી આ શાળામાં અભ્યાસ મેળવી રહ્યા છે. શાળાના જર્જરીત ઓરડામાં અભ્યાસ કરી રહેલા બાળકોની બાજુમાં ગમે ત્યારે પોપડા પડે છે. આજે પણ શાળામાં એક પોપડો ખરી પડ્યો હતો. જો કે સદનસીબે કોઈ પણ વિદ્યાર્થીને ઈજા પહોંચી નહોતી. પરંતુ સરકાર દ્વારા શિક્ષણને લઈ શાળા પ્રવેશોત્સવના નામે કરોડો રુપીયાના ખર્ચા કરવામાં આવે છે. ત્યારે ગાંધીનગર જિલ્લામાં આવેલ શાળાની પરિસ્થિતિ છે તો અન્ય જિલ્લામાં આવેલ પ્રાથમિક શાળાઓની શું દશા હશે તે વિચાર માત્રથી કંપારી આવી જાય છે.શાળામાં ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ બહેનોને ભયના ઓથાર હેઠળ ફરજીયાત શિક્ષણ મેળવી રહ્યા છે. ત્યારે ગાંધીનગર તંત્ર કક્ષાએ શાળાના મકાનના રિનોવેશન અંગે અનેકવાર રજુઆત કરવામાં આવી છે છતા નિર્ણયના અભાવે શાળાનું મકાન રિનોવેશન થઈ શકયું નથી તેવું ગ્રામજનો કહી રહ્યા છે. શાળાના મકાનને અનુલક્ષી ગામના નાગરીકોમાં પણ રોષ જોવા મળી રહ્યો છે. શાળામાં વ્યવસ્થાના નામે મીંડું છે ત્યારે વિદ્યાર્થીઓના માથે ખતરો જળુંબી રહ્યો છે. આ મકાન ગમે ત્યારે અકસ્માત નોંતરે તેવી દહેશત પ્રવર્તી રહી છે ત્યારે તાત્કાલીક અસરથી આ શાળાના મકાનનું સમારકામ ઝડપી હાથ ધરાય તેવી માંગ ગ્રામજનો કરી રહ્યા છે.



સુપ્રીમ કોર્ટની નેશનલ લીગલ સર્વીસીઝની જાહેર કરેલી અલગ અલગ સ્કીમો પૈકી એક સ્કીમ 'ચાઈલ્ડ ફ્રેન્ડલી સ્કીમ' (બાળકોનું રક્ષણ અને સંભાળ)ની એક કાનૂની શિક્ષણ શિબિર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગરના ઉપક્રમે શ્રી વાસણ વિનયમંદિર-વાસણ ગામ તા.જી. ગાંધીનગર ખાતે યોજવામાં આવી હતી. જેમાં પેરાલીગલ વોલન્ટીયર્સ સુધીર દેસાઈ દ્વારા બાળકોના શિક્ષણના અધિકારો અંગે તથા બાળ સુરક્ષા અધિકારી સુશ્રી ગાયત્રીબેન ઉપાધ્યાય દ્વારા બાળકોના અધિકારો-રક્ષણ-સંભાળ અંગે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.

## જવાહર નવોદય વિદ્યાલય ગાંધીનગર ખાતે ધો. ૬માં પ્રવેશ માટે પ્રવેશ પરીક્ષા યોજાશે

ગાંધીનગર, તા. ૮

કેન્દ્રના માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા સંચાલિત ગાંધીનગર જિલ્લાના સામેત્રી ખાતે આવેલી જવાહર નવોદય વિદ્યાલયમાં ધો. ૬ માટે વર્ષ ૨૦૧૭ની પ્રવેશ પરીક્ષા આગામી તા. ૮-૧-૨૦૧૭, રવિવારના રોજ સવારે ૧૧.૩૦થી ૧.૩૦ દરમિયાન યોજાનાર છે. હાલ ધો. ૫ માં ગાંધીનગર જિલ્લાની માન્ય શાળામાં અભ્યાસ કરતા બાળકો જ પ્રવેશ પરીક્ષાનું ફોર્મ ભરી શકશે. પ્રવેશ પરીક્ષા માટેના ફોર્મ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, ગાંધીનગર તથા ગાંધીનગરના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી, આચાર્યશ્રી, જવાહર નવોદય વિદ્યાલય, મુ. સામેત્રી, તા. દહેગામ, ખાતેથી વિનામૂલ્યે મેળવી શકાશે. ફોર્મમાં દર્શાવેલ સંપુર્ણ વિગતો ભરી જે તે તાલુકાના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને આગામી તા. ૧૬-૯-૨૦૧૬ સુધીમાં પરત કરવાનું રહેશે. તેમજ પ્રવેશ પરીક્ષા ૨૦૧૭ના ફોર્મ સંસ્થાની વેબસાઈટ www.jnvgandhinagar.org પરથી ડાઉનલોડ કરી શકાશે.

સંસ્થામાં સહશિક્ષણ અપાય છે તથા બાળકોને ગુણવત્તાયુક્ત, આધુનિક, સાંસ્કૃતિક મૂલ્યો પર આધારિત તથા પર્યાવરણનું જ્ઞાન આપતું શિક્ષણ અપાય છે. આ ઉપરાંત બાળકોની સાહસિક વૃત્તિઓ સંતોષાય તેનો વિકાસ થાય તે હેતુથી શારીરિક શિક્ષણ પણ અપાય છે. આ સંસ્થામાં પ્રવેશ મળેલ બાળકોને શિક્ષણ, નિવાસ, ભોજન, પુસ્તકો, સ્ટેશનરી, શિક્ષણને લગતું સાહિત્ય અને ગણવેશ વિનામૂલ્યે પુરા પડાય છે. વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીનીઓને રહેવા માટે અલગ છાત્રાલયોની સુવિધા છે તેમ જવાહર નવોદય વિદ્યાલયના આચાર્યની યાદીમાં જણાવાયું છે.

# ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ધ્રુમપાન અંગે સઘન ચેંકીગ

## હોસ્પિટલના તમામ પ્રવેશદ્વાર પર સિક્યુરીટી ગાર્ડ દ્વારા ચેંકીગ કર્યા બાદ લાભાર્થીઓને અંદર પ્રવેશ અપાય છે

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આવેલા તમામ પ્રવેશદ્વાર ધ્રુમપાનને અનુલક્ષી સઘન ચેંકીગ હાથ ધરવામાં આવ્યું છે. હોસ્પિટલમાં પ્રવેશતો લાભાર્થીનું સિક્યુરીટી ગાર્ડ દ્વારા ચેંકીગ કરવામાં આવે છે ત્યારબાદ લાભાર્થીને અંદર પ્રવેશ આપવામાં આવે છે. લાભાર્થીઓ પાસેથી ચેંકીગ દરમિયાન મોટીમાત્રામાં બીડી, તમાકુ, સીગારેટ, મસાલા, ગુટખા સહિતની ચીજવસ્તુઓ મળી આવે છે. આગામી સમયમાં જો કોઈ હોસ્પિટલની અંદર ધ્રુમપાન કરતો વ્યકિત નજરે પડશે તો તેની સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવશે તેમ તંત્રના અધિકારીઓએ જણાવ્યું છે.

ગાંધીનગર શહેરમાં ધ્રુમપાનને પગલે તંત્રએ કડક અમલવારી શરુ કરી છે. જાહેરમાં ધ્રુમપાન કરતા નાગરીકો સામે દંડનીય કાર્યવાહી કરવાનું તંત્ર દ્વારા શરુ કરવામાં આવ્યું છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આવતા લાભાર્થીઓ ધ્રુમપાન અને પાનની પીચકારી મારીને હોસ્પિટલને ખરાબ કરી રહ્યા છે. હોસ્પિટલની ભીંતોની સાથે પોતાના શરીરને પણ ધ્રુમપાન નુકસાનકારક હોવાથી તંત્રએ કડક હાથે કામ લેવાનું શરુ કર્યું છે. હોસ્પિટલમાં આવેલા તમામ પ્રવશદ્વાર પર સિક્યુરીટી ગાર્ડને ગોઠવી દેવામાં આવ્યા છે. દરેક લાભાર્થીઓને ચેંકીગ કર્યા બાદ અંદર પ્રવેશ આપવામાં આવે છે. ત્યારે સિક્યુરીટીના ચેંકીગ દરમિયાન દર્દીઓ તેમજ સગાઓ પાસેથી બીડી, સીગરેટ, તમાકુ, મસાલા, ગુટખા સહિતની ચીજવસ્તુઓ મોટાપ્રમાણમાં મળી આવે છે. આ પકડાયેલા તમામ જથ્થાનો સમયાંતરે તંત્ર દ્વારા નાશ કરવામાં આવે છે. ત્યારે હોસ્પિટલમાં ધ્રુમપાન કરના મના હે હવે આગામી દિવસોમાં કોઈ જાહેરમાં હોસ્પિટલમાં ધ્રુમપાન કરતો દેખાશે તો તેની સામે તંત્ર દ્વારા દંડનીય જોગવાઈ મુજબ કાર્યવાહી કરાશે.

## ગાંધીનગરમાં એથ્લેટીક સ્પર્ધામાં જે.એમ. ચૌધરી વિદ્યાલયનો ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા. ૮

મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સેકટર-૧૬ ખાતે યોજાયેલી ગાંધીનગર જિલ્લાની એથ્લેટિક્સ સ્પર્ધાઓમાં જે.એમ. ચૌધરી વિદ્યાલય, સેકટર-૭ના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે.

અંડર-૧૭ ભાઈઓમાં શાળાના સોલંકી પ્રકાશે ૪૦૦મી દોડમાં પ્રથમ, રાઠોડ ધનરાજે ૮૦૦ મી. દોડમાં બીજો, આહિર વિશાલે ૧૫૦૦મી. દોડમાં બીજો ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. જ્યારે અંડર-૧૯ બહેનોમાં ચૌધરી રીતુએ ચક્રફેંકમાં પ્રથમ, પટેલ દૃષ્ટિએ ૧૫૦૦મી. દોડમાં પ્રથમ, ચૌધરી સૃષ્ટિએ ૮૦૦ મી. દોડમાં દ્વિતીય, ચૌધરી ધરતીએ ગોળાફેંકમાં દ્વિતિય અને ચૌધરી ઉપાસનાએ વિઘ્નદોડમાં દ્વિતિય ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. સર્વે વિદ્યાર્થીઓ તથા પીટી શિક્ષિકા ઉષાબેન દરજીને આચાર્ય તથા શાળા સ્ટાફે અભિનંદન પાઠવ્યા છે.



## "એપોકેલિપ્સ-૨૦૧૬" સ્ટુડન્ટ ઈવેન્ટનો સમાપન સમારોહ યોજાયો

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત કે.બી. ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્માસ્યુટીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ આયોજીત બે દિવસીય એપોકેલિપ્સ-૨૦૧૬નો પ્રારંભ શુક્રવારે કરવામાં આવ્યો હતો. બીજા દિવસે અલગ અલગ ૮ પ્રકારની સ્પર્ધાઓ જેવી કે ઈટ્સ માય પ્રોડક્ટ, બૂકોહોલીક, કિલ્ક-ઓ-મેનિયા, માસ્ટર માઈન્ડ, ફાર્મા સ્ક્રેબલમાં ગુજરાતની વિવિધ ફાર્મસી કોલેજના ૨૫૦થી પણ વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાનું કૌશલ્ય અજમાવ્યું હતું. કાર્યક્રમનો સમાપન સમારોહ પણ શનિવારે અતિથિવિશેષ તરીકે ડૉ. ગૌરાંગ બી. શાહની ઉપસ્થિતિમાં ઉજવાઈ ગયો. સંસ્થાના પી.જી. ડાયરેક્ટર ડૉ. એ.કે. શુકલ, પ્રિન્સિપાલ શ્રીકલ્પ દેશપાંડે, વગેરે મહાનુભાવોએ પણ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. ડૉ. ગૌરાંગ બી. શાહે વિજેતા અને રનર-અપ વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ અને સ્મૃતિ ચિન્હ એનાયત કરી પ્રોત્સાહિત કર્યા હતા.

# વિશ્વકર્મા એન્જિનીયરીંગ ખાતે સ્ટુડન્ટ ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજાયો

ગાંધીનગર, તા. ૮

ચાંદખેડાની વિશ્વકર્મા વિશેષતાઓ અંગે પ્રેઝન્ટેશન રજુ કરાયું હતું. આ કાર્યક્રમમાં કોલેજના કરાયા હતા. કોલેજના વિવિધ વિભાગોના વડાઓ દ્વારા તેમના




સરકારી ઈજનેરી કોલેજ ખાતે પ્રથમ વર્ષમાં એડમિશન મેળવેલા નવા વિદ્યાર્થીઓ માટે એક દિવસીય ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજમા ચાલતા અભ્યાસક્રમ તથા વિદ્યાર્થીઓને આપવામાં આવતી સવલતો ઉપરાંત કોલેજની ટોપર સ્ટુડન્ટસ દ્વારા તેમના અનુભવો પણ વ્યક્ત કરવામાં આવ્યા હતા.

વીજીઈસી ખાતે યોજાયેલ સ્ટુડન્ટ ઓરિએન્ટેશન પ્રોગ્રામમાં વિદ્યાર્થીઓને હોસ્ટેલની સવલતથી માંડીને સુરક્ષાસેતુ, એનએસએસ, આઈઈઈઈ-એસબી, બૅંકિંગ માહિતી જેવી પ્રવૃત્તિઓથી વાકેફ વિભાગને સંલગ્ન પ્રેઝન્ટેશન પણ રજૂ કરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે વીજીઈસીએ જીટીયુ સંલગ્ન એન્જિનીયરીંગ કોલેજ છે જે ૯ અન્ડર ગ્રેજ્યુએટ તથા ૨ પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસક્રમ સાથે ૩૬૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતા ધરાવે છે.

# મોટા ઈસનપુરના વિદ્યાર્થીઓને નિયમિત બસ મળતી નથી : શિક્ષણ પર માઠી અસર

## ગાંધીનગર અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓ દ્વારા ડેપો તંત્ર સમક્ષ રજુઆત

ગાંધીનગર તા ૮

જિલ્લાના મોટા ઇસનપુર ગામથી ગાંધીનગર અભ્યાસ માટે અપડાઉન કરતા વિદ્યાર્થીઓને છેલ્લા કેટલાક સમયથી બસ સેવા માટે વલખા મારવા પડતા આજે વિદ્યાર્થીઓએ આ મામલે ડેપોતંત્રને ઉગ્ર રજુઆત કરી હતી. તેમના જણાંવ્યા મુજબ છેલ્લા કેટલાક સમયથી મોટા ઇસનપુર તરફ જતી બસ સમયસર આવતી નથી. અનિયમિત સેવાના લીધે તેમના અભ્યાસ પર માંઠી અસર થઇ રહી હોવાનો આક્રોશ પણ તેમણે વ્યકત કર્યો હતો.

શહેરમાં આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અપડાઉન કરે છે. શાળા કોલેજોમાં અભ્યાસ કરતા મોટાભાગના વિદ્યાર્થીઓ સલામત સવારીમાં જ અપડાઉન કરે છે. આવા સંજોગોમાં બસની અનિયમિતતાના લીધે વિદ્યાર્થીઓના શિક્ષણ પર માંઠી અસર થતી હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા વિદ્યાર્થીઓ બસ સમયસર નહીં મળતી હોવાના લીધે શાળા તેમજ કોલેજોના વર્ગ ખંડમાં સમય મુજબ હાજર થઇ શકતા નથી. જેના પરિણામે વિદ્યાર્થીઓના અભ્યાસમાં પણ ખલેલ પડે છે. જિલ્લાના મોટા ઇસનુર ગામના વિદ્યાર્થીઓની હાલત પણ આવી જ થઇ છે. છેલ્લા કેટલાક સમયથી બસ સેવાની અનિયમિતતાના લીધે વિદ્યાર્થીઓએ કોલેજ સુધી પહોંચવુ મુશ્કેલ બન્યુ છે. જયારે કોલેજથી ગામ સુધી જવા માટે પણ ઝડપથી બસ મળતી નથી. આ મામલે આજે મોટાઇસનપુરના વિદ્યાર્થીઓ ડેપો સંકુલમાં ભેગા થયા હતા. વિદ્યાર્થીઓને સમયસર બસ સેવા ઉપલબ્ધ થાય તે માટે રજુઆત કરવામાં આવી હતી.

## નવગુજરાત કોમર્સ કોલેજ ખાતે ફ્રેશર્સ પાર્ટી

ગાંધીનગર, તા.૮

નવગુજરાત કોમર્સ કોલેજ ગાંધીનગર ખતે નવા વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓને આવકારવા માટે ફ્રેશર્સ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પ્રો. શ્રી નિખીલભાઈ ડોડિયાના માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક કાર્યક્રમ, ફેશન શૉ, વિવિધ ગેમ્સ, મીસ્ટર ફ્રેશ અને મીસ ફ્રેશ સ્પર્ધામાં ખરાડી ધવલે, મીસ્ટર ફ્રેશ અને વાળંદ ગાયત્રીએ મીસ ફ્રેશ તરીકે પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

આચાર્યશ્રી વી.એલ. ગોસ્વામી દ્વારા વિજેતાઓને ઈનામ તથા પ્રમાણપત્રો આપી પ્રોત્સાહન પુરું પાડવામાં આવ્યું હતું.